PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૧/૧૬–૧૭ / ૪૭૯૮ તા. ૨૭/૦૫/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મુકેશભાઈ વલ્લભભાઈ ભંડેરી
ગામ: ગુંદાસરી
તા. જામકંડોરણા
જી. રાજકોટ
મો : ૯૯૨૫૭ ૭૩૩૪૦

વિષય :–સામાન્ય યોજના હેઠળ નવુ વીજજોડાણ મેળવવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૨૨/કવા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૪

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જેતપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,જામકંડોરણા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ ક્ચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૨/ક્વા–૦૧/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૭–૦૫–૧૬ સ્થળ :રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ મુકેશભાઈ વલ્લભભાઈ ભંડેરી,ગામઃ ગુંદાસરી,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (ક્ચેરી) : પેટા વીભાગીય ક્ચેરી,જામકંડોરણા (કાર્યક્ષેત્ર : વિભાગીય ક્ચેરી જેતપુર)

રજુઆત કરનાર : આર.ડી.વાળા, કાર્યપાલક ઈજનેર વિભાગીય ક્ચેરી જેતપુર

## : હુકમ :

ફરીયાદ : સામાન્ય યોજના હેઠળ નવુ વીજજોડાણ મેળવવા અંગે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી એ, તેમના ગામઃ ગુંદાસરી ખાતે ના, સર્વે નંબર : ૭૦.૧ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપાના, ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની રૂ.૧૦૦ – નોંધણીચાર્જ રસીદ નં.૭૨૯૩૨ થી તા.૨૨–૦૪–૦૨ ના રોજ ભરપાઈ કરીને, અરજી નોંધાવેલ હતી. ત્યારબાદ, તેઓની, અગાઉ તા.૧૫–૦૨–૨૦૦૭ ના રોજ ની નોંધાયેલ અન્ય અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મળી ચુકેલ છે. અને જે હાલ જોડાણ ન.૬૦૩૧૪/૦૧૦૬૮/૮, સદર સર્વે નંબર : ૭૦/૧ મા જે વર્ષ–૨૦૧૧ થી ચાલુ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓની તા.૨૨–૦૪–૦૨ ની નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ની અરજી વાળુ નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કોઈ પ્રક્રીયા તેઓ શ્રી ની લેખીત જાણકારી હેઠળ થયેલ નથી. જેથી, સદર તા.૨૨–૦૪–૦૨ ની અરજી અન્વયે નુ, તેઓ ના સ્વ. પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના નામનુ, મુળ સર્વે નંબર : ૭૦/૧ મા નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે –તેઓ શ્રી ના, સ્વ. પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના નામ પરથી તેમના માતૃશ્રી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર, નામ બદલી સાથે, અને મુળ સર્વે નંબર : ૭૦.૧ માથી, તેમના માતૃશ્રી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામે આવેલ તેમના ગામઃ ગુંદાસરી ના જ સર્વે નંબર : ૧૨૮ : પૈકી ૨ મા – નામ બદલી સાથે શીફ્ટીંગ કરી આપી, અને તે અન્વયે તા.૨૨–૦૪–૦૨ ની અરજી વાળુ ખેતીવાડી વીજજોડાણ, તેઓ શ્રી ને આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨.૧** અરજદાર પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની , અગાઉ ની તા.૧૫–૦૨–૨૦૦૭ ના રોજ, તેમના ગામઃ ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા, રૂ.૧૦૦/- નોંધણીચાર્જ, જે રસીદ નંબરઃ ૧૨૬૬૭ થી ભરપાઈ કરી અને, જે તે સમય ની, જામકંડોરણા પેટા વિભાગીય ક્ચેરી હેઠળ નોંધાવેલ. સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને અરજદારે, ''તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ, રૂ.૫૦૦/– તબ્દીલી ચાર્જ, જે રસીદ નંબરઃ ૪૩૮૦૨ થી તા.૧૫–૦૧–૧૧ ના રોજ ભરપાઈ કરતા'' પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને આ મુજબ નુ, તત્કાલ યોજના હેઠળ નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ નઃ૬૦૩૧૪/૦૧૦૬૮/૮ (૦૫ હોપા), જે મુળ તા.૧૫–૦૨–૨૦૦૭ ની અરજી મા કરાયેલ માંગણી મુજબ ના ગામઃ ગુંદાસરી ના સર્વે નંબર : ૭૦/૧ મા જે વર્ષ–૨૦૧૧ થી ચાલુ છે. અને હાલ ના તબક્કે આ જોડાણ નુ નિયમીત બીલીંગ કરવામા આવે છે.

**૨.૨** અરજદાર ના પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની, ત્યારબાદ ની,તેમના ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા, તા.૨૨–૦૪–૦૨ ના રોજ રૂ.૧૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબર: ૭૨૯૩૨ થી, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા નંબર : ૪૮ ના ક્રમ હેઠળ નોંધાયેલ, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની અરજી, જેવર્ષ–૨૦૧૪ દરમ્યાન મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા, પીજીવીસીએલ ની જે તે સમય ની જામકંડોરણા પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ની સદર તા.૨૨–૦૪–૦૨ ના રોજ ની અરજી અન્વયે, '' માંગણી મુજબ ના સ્થળ અને અરજદાર ની સ્થિતી'' વગેરે અદ્યતન સ્થિતી દર્શાવતા, રેવન્યુ કાર્યાલય ના, માંગણીદાર ની માંગણી મુજબ ના સ્થળ ની કાયદેસર ની માલીકી / ભોગવટો દર્શાવા અદ્યતન સ્થિતી ના દાખલાઓ, જે લેખીત પત્રો અનુક્રમે, (૧) નંબર: ૬૭૯૫, તા.૨૯–૧૧–૧૪ (૨) નંબર: ૨૭૪, તા.૦૭–૧૧–૧૫ (૩) નંબર: ૫૨૩, તા.૨૨–૦૫–૧૫ (૪) નંબર: ૬૨૮૪, તા.૦૨–૧૧–૧૫, જે મુળ અરજદાર '' વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી '' ને પાઠવવામા આવેલ હતા. પરંતુ, સદર તમામ ૦૪ પત્રો, જે ટપાલ વિભાગ તરફથી '' અરજદાર નુ અવસાન થવાથી પરત'' ના શેરા સાથે કચેરી મા – બંધ કવર મુજબ પરત આવેલ છે. અને કચેરી ના રેકર્ડ મા રખાયેલ છે. તેમજ, મુળ અરજદાર શ્રી '' વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી '' ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ નવા ૭.૫ હોપા ની, ગામ: ગુંદાસરી ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા કરાયેલ માંગણી મુજબ ની સદર તા. ૨૨–૦૪–૦૨ ના રોજ ની, રૂ.૧૦૦ – નોંધણીચાર્જ જે રસીદ નંબર:૭૨૯૩૨ થી ભરપાઈ થયેલ – સદર અરજી જે, જે તે સમય ની, જામકંડોરણા પેટા વિભાગીય કચેરી ના સામાન્ય પ્રતિક્ષાયાદી ક્રમ રજીસ્ટર નં. ૪૮ મા નોંધાયેલ છે, પરંતુ, સદર ક્રમ નં.૪૮ સામે ના, અરજી નોંધણી ની વિગત ઉપરાંત ના એક માત્ર એવા '' સર્વે તારીખ '' ના ખાના મા, ''૫૩૧૯૧૨'' જેવી માત્ર – અસ્પષ્ટ વિગત લખાયેલ છે. બાકી ના ખાનાઓ, જેમકે, (૧) પ્રપોઝલ તારીખ (૨) મંજુરી ની વિગતો (૩) ભાવપત્રક આપ્યા નંબર અને તારીખ (૪) ભાવપત્રક ભરપાઈ કરાયા ની રકમ અને રસીદ નંબર તેમજ તારીખ (૫) જોડાણ મંજુર કેટગરી વગેરે ખાનાઓ ખાલી છે. જયારે, '' છેલ્લા એવા રીમાર્ક ના ખાનામા RJT NO. 8484''મુજબ નુ અસ્પષ્ટ વિગત લખાયેલ છે. તેમજ, સદર અરજી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને અરજદાર પક્ષકાર તરફથી દસ્તાવેજીક પૂર્તતા / અન્ય બાબતો રજુ ન થવાના કારણોસર '' અરજી રદબાતલ થયેલ'' હોવા બાબતેની કોઈ નોંધ નથી. તેમજ, સદર અરજી, જે '' વિભાગીય કચેરી ની મંજુરી મેળવ્યા બાદ ની પ્રક્રીયા હેઠળ '' રદબાતલ થયેલ પણ નથી. આ તમામ બાબતો / સ્પષ્ટતાઓ, જે પ્રવર્તમાન એવી પેટા વિભાગીય કચેરી જામકંડોરણા-૧ ખાતે ઉપલબ્ધ એવા, રેકર્ડ આધારીત માહિતી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી તરફ આ મુજબ નો અહેવાલ રજુ થયેલ છે.

**૨.૩** આમ, ઉપર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, કચેરી મા ઉપલબ્ધ એવી રેકર્ડ આધારીત માહિતી મુજબ, તે બાબત સ્પષ્ટ થયેલ છે કે, અરજદાર શ્રી ની, મુદ્દા નં.૨.૨ મા દર્શાવ્યા મુજબ ની, અરજદાર ના પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની, ત્યારબાદ ની,તેમના ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા, તા.૨૨–૦૪–૦૨ ના રોજ રૂ.૧૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબર: ૭૨૯૩૨ થી, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા નંબર : ૪૮ ના ક્રમ હેઠળ નોંધાયેલ, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની અરજી, જેવર્ષ–૨૦૧૪ દરમ્યાન મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા,પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને , કુલ ૦૪ પત્રો પાઠવી અને '' માંગણી મુજબ ના સ્થળ ની, હાલ ની માલીકી અરજદાર શ્રી ની હોવા બાબત ને સમર્થન આપતા, અદ્યતન સ્થિતી ના, પંચાયત કચેરી / રેવન્યુ મંત્રાલય ના દાખલાઓ મંગાવવામા આવેલ હતા.'' પરંતુ, મુળ અરજદાર શ્રી નુ '' અવસાન થયેલ હોય '' આવા સંજોગો મા આ તમામ પત્રો, ખરેખર મુળ અરજદાર ને મળેલ ન હતા. આવા કારણોસર, મુળ અરજદાર શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની, સદર તા.૨૨–૦૪–૦૨ ના રોજ ની નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ની ૭.૫ હોપા ની અરજી, અધુરી કાર્યવાહી હેઠળ પડતર રહેલ છે. જેથી, સદર અરજી ને ફરી એક વખત, '' મંજુરી અન્વયે ની બાકી રહેતી પ્રક્રીયા હેઠળ '' આવરી લઈ, અને મુળ અરજદાર શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી, જે સ્વર્ગસ્થ થયેલ હોય, જેથી,સ્વર્ગસ્થ શ્રી ના નામ પરથી તેમના સીધીલીટી ના વારસદાર અને – તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર, અને સ્વર્ગસ્થ અરજદાર ની મુળ માંગણી મુજબ ના સ્થળ તેમના ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ માથી, તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર આવેલ, ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૨૮/૨ મા – નામ બદલી અને શીફટીંગ ની મંજુરી માટે, ભલામણ સાથે, ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ સમક્ષ, તા.૨૦–૦૫–૧૬ ના રોજ મોકલી આપવામા આવેલ છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી મુકેશભાઈ વલ્લભભાઈ ભંડેરી એ, તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી અને મુળ અરજદાર શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના નામની, તેમના ગામઃ ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા, તા.૨૨–૦૪–૦૨ ના રોજ રૂ.૧૦૦/– નોધણીચાર્જ, જે રસીદ નંબરઃ ૭૨૯૩૨ થી, સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મા નંબર : ૪૮ ના ક્રમ હેઠળ નોધાયેલ, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની અરજી પરત્વે કોઈ કાર્યવાહી થયેલ ન હોય, જેથી, તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી અને મુળ અરજદાર શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની સદર તા.૨૨–૦૪–૦૨ ની અરજી ને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સ્વર્ગસ્થ શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી (પિતાશ્રી) ના નામ પરથી તેમના સીધીલીટી ના વારસદાર અને – સ્વ. મુળ અરજદાર (પિતાશ્રી) ના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી (માતૃ શ્રી) ના નામ પર નામ બદલી સાથે, અને સ્વર્ગસ્થ અરજદાર ની મુળ માંગણી મુજબ ના સ્થળ એવા તેમના ગામઃ ગુંદાસરી ખાતે આવેલ મુળ માંગણી મુજબ ના ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ માથી, સ્વ. મુળ અરજદાર ના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ( ફોરમ સમક્ષ ના અરજદાર ના માતૃ શ્રી) ના નામ પર આવેલ, ગામઃ ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૨૮/૨ મા શીફટીંગ સાથે – નામ બદલી અને શીફટીંગ ની – મંજુરી માટે જે સવાલવાળી અરજી ફોરમ સમક્ષ કરેલ છે. ફરીયાદી અરજદાર ( મુળ સ્વ. ગ્રાહક શ્રી નાપુત્ર) ની સદર અરજી, અધુરી કાર્યવાહી હેઠળ પડતર રહેલ હોવા બાબત ને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે સમર્થન મળેલ છે.

**૩.૨** આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે,અરજદાર શ્રી ની મુળ તા.૨૨–૦૪–૦૨ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની સદર અરજી, હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની સબંધક કચેરી કક્ષાએ અધુરી કાર્યવાહી હેઠળ પડતર હોવાની બાબત ને, દસ્તાવેજીક પેપર્સ ના આધારે સમર્થન મળેલ છે, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી પણ અભિપ્રાય સાથે નો અહેવાલ ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. જેથી હવે, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, ફોરમ સમક્ષ ના સવાલવાળા અરજદાર ની, ફોરમ સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી ન્યાયિક રીતે માન્ય રાખવા યોગ્ય છે. જેથી, મુળ ગ્રાહક એવા સ્વ. શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની, તા.૨૨–૦૪–૦૨ ના રોજ, તેમના ગામ : ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ મા કરાયેલ નવા ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના, ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે હાલ, અધુરી પ્રક્રીયા હેઠળ પડતર છે, તે માહેની ઘટતી એવી તમામ પ્રક્રીયાઓ પૂર્ણ કરી અને, સદર તા.૨૨–૦૪–૦૨ ના રોજ ની અરજી ને, સ્વર્ગસ્થ શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના નામ પરથી તેમના સીધીલીટી ના વારસદાર અને – તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર, અને સ્વર્ગસ્થ અરજદાર ની મુળ માંગણી મુજબ ના સ્થળ તેમના ગામઃ ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ માથી, તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર આવેલ, ગામઃ ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૨૮/૨ મા – નામ બદલી અને શીફટીંગ ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને અરજદાર પાસેથી, આ મુજબ ની, '' નામ બદલી અને શીફટીંગ ની વિધીસર ની અરજીઓ– જે નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે મેળવીને '' દિન–૧૦ મા અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, સદર '' નામ બદલી અને શીફટીંગ ના મંજુરી ની પ્રક્રીયા'' , જે વર્તુળ કચેરી મારફત પૂર્ણ કરી, અને તે મુજબ, '' નામ બદલી અને શીફટીંગ ની મંજુરી '' ના ભાવપત્રકો અરજદાર શ્રી ને આપી, સદર ભાવપત્રક ની રકમ અરજદાર પાસેથી વસુલાત કરી, એ મુજબ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત તમામ કામગીરી, દિન–૪૫ મા પૂર્ણ કરી, અને તે પ્રમાણે અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે નામ બદલી અને શીફટીંગ સાથે, દિન–૪૫ મા, ચાલુ કરવા માટે નો, સદર કેઈસ મા, ખાસ કરીને પીજીવીસીએલ ની વર્તુળ કચેરી તેમજ વિભાગીય કચેરી ને આદેશ આપવા સબબ ના, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફોરમ સમક્ષ ના અરજદાર શ્રી (મુળ ગ્રાહક શ્રી સ્વ. વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના પુત્ર શ્રી) ની ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મુજબ ની અરજી, જે હાલ ના તબ્બકે, મંજુરી અન્વયે ની અધુરી પ્રક્રીયા હેઠળ હોવા બાબત ને, પીજીવીસીએલ તરફથી, રેકર્ડ આધારીત દસ્તાવેજીક બાબતો ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે સમર્થન મળેલ છે. જેથી હવે, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, અધુરી પ્રક્રીયા હેઠળ રહેલ એવી સદર મુળ ગ્રાહક સ્વ. પિતાશ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની મુળ તા.૨૨–૦૪–૦૨ ના રોજ નોધાયેલ એવી, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ નોધાયેલ સદર અરજી ને ફરી એક વખત, ''બાકી રહેતી મંજુરી અન્વયે ની તમામ પ્રક્રીયાઓ હેઠળ '' આવરી લઈ, અને મુળ અરજદાર સ્વ. શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ના નામ પરથી તેમના સીધીલીટી ના વારસદાર અને – તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર, અને સ્વર્ગસ્થ મુળ ગ્રાહક સ્વ. શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ભંડેરી ની મુળ માંગણી મુજબ ના સ્થળ એવા તેમના ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૭૦/૧ માથી, તેમના ધર્મપત્ની શ્રીમતી લીલાબેન વલ્લભભાઈ ભંડેરી ના નામ પર આવેલ, ગામ: ગુંદાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૨૮/૨ મા – નામ બદલી અને શીફટીગ ની વિધીસર ની અરજીઓ, જે નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, મેળવીને, સદર અરજીઓ ની નોધણી થયા બાદ, દિન–૧૦ મા, નામ બદલી અને શીફટીગ ની મંજુરી આપીને, મંજુરી અન્વયે ના ભાવપત્રકો ની રકમ, અરજદાર તરફથી ભરપાઈ થયા બાદ, પીજીવીસીએલ ની તમામ નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની કાર્યવાહી પૂર્ણ કરી અને તે પ્રમાણે અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે નામ બદલી અને શીફટીગ સાથે, દિન–૪૫ મા, ચાલુ કરવા માટે નો, સદર કેઈસ મા, ખાસ કરીને પીજીવીસીએલ ની ત્તર્તુગ કચેરી તેમજ વિભાગીય કચેરી ને આદેશ આપવામા આવે છે.

( કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બા.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સમત ન હોવ તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** ''નામદાર **ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ** અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે **ભરપાઇ** કરાયેલ હોવાની ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..